Muni Seva Ashram



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર




અધ્યક્ષ
ડો વિક્રમ પટેલ

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# અનુસંધાન

શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ, સેવા અને સહયોગનું સરવૈયું



"
પરમેશ્વર અને પ્રકૃતિનું ઔદાર્ય
આપણી સમજ અને ક્ષમતાથી પરે હોય છે.
એ જે આપે છે, તે અઢળક અને અપાર આપે છે.
ચાલો, આપણે પણ એ કૃપાને ઝીલવાની,
તેનું સંવર્ધન કરવાની અને
સૌ સાથે પ્રેમથી વહેંચવાની ક્ષમતા કેળવીએ.

G07- માર્ચ 2026

## મહાશિવરાત્રી પર્વ :

આપણી એકલવ્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ પવિત્ર મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભગવાન શિવને ભાવભીની ભાવાંજલિ અર્પણ કરી. તેમના ભજનો અને શ્રદ્ધાભાવથી સમગ્ર વાતાવરણમાં શાંતિ, પવિત્રતા અને આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો.

ભગવાન શિવ સહુ પર આશીર્વાદ વરસાવે અને બાળકોને જ્ઞાન, આંતરિક શક્તિ અને સદ્ માર્ગ પર આગળ વધવા પ્રેરણા આપે તેવી પ્રાર્થના.



## ઉજ્જવળ ભવિષ્યની શુભકામના: આશીર્વચન – ૨૦૨૬

આપણી એકલવ્ય શાળા અને વિવેકાનંદ શાળાના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ આગામી બોર્ડ પરીક્ષાઓમાં પૂર્ણ આત્મવિશ્વાસ અને એકાગ્રતા સાથે પરીક્ષા આપી સફળતાના શિખરો સર કરે તેવી મંગલ કામના સાથે 'આશીર્વચન - ૨૦૨૬' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

મા શારદા સૌનું કલ્યાણ કરે!

























# ગૌરવવંતો વાર્ષિકોત્સવ અને સ્નેહસભર વિદાયસમારંભ






તાજેતરમાં આપણી શારદામંદિર બક્ષીપંચ શાળા ખાતે વાર્ષિકોત્સવ તથા ધોરણ ૭ના બાળકોનો વિદાય સમારંભ યોજાયો. જેમાં સહુ બાળકો, શિક્ષકગણ તથા સ્નેહી સ્વજનો સાથે માનવંતા મહેમાનો - સંત શ્રી રમેતિરામ, મુનિ સેવા આશ્રમના ચેરમેન ડો.વિક્રમ પટેલ , ટ્રસ્ટીશ્રી પૂંજાદાદા, ઇશ્વરભાઇ સોલંકી, રમણભાઈ પરમાર, જયપદ ફાઉન્ડેશન ના કૃણાલ પટેલ,સંદિપ પટેલ, ભરતભાઈ વાળા, ડૉ.દિપક કપૂર, CRC કોઓર્ડીનેટર ઈલાબેન બારીયા, બાળકોના વ્હાલા ચંદુદાદા ની વિશેષ ઉપસ્થિતિ એ ચાર ચાંદ લગાવ્યા. બાળકોની ઉત્સાહપૂર્ણ પ્રસ્તુતિઓ અને વર્ષ દરમ્યાન કરેલ વિશિષ્ટ ઉપલબ્ધીઓને સન્માનવામાં આવી. સાથે સાથે જિલ્લા તથા રાજ્ય કક્ષાના વિજેતાઓને આપણા ગોવર્ધન વાનપ્રસ્થાશ્રમના નિવાસી શ્રી સુનંદાબેન ભાવે તરફથી ટ્રોફીસ અને રોકડ ઇનામો પણ એનાયત કરવામાં આવ્યા.












# શ્રદ્ધેય શ્રી પૂંજાદાદાના સંસ્મરણોમાંથી

**સત્યનો માર્ગ ભલે ક્યારેક કઠિન કે લાંબો જણાય, પરંતુ એ જ પથ હંમેશા આત્માનું બળ અને તેજ વધારે છે. અણીશુદ્ધ અંતરાત્માની સુવાસ દાયકાઓ સુધી પ્રસરતી રહે છે અને એ હૃદયમાંથી વહેતુ કરુણાનું ઝરણું પથ્થર જેવા કઠોર દિલને પણ પિગળાવી શકે છે.**

**જ્યારે શ્રદ્ધાજનિત સંકલ્પોમાં પ્રામાણિકતાનું અમૃત ભળે, ત્યારે એ સેવાકાર્યનો પાયો અડીખમ બને છે. જે સંસ્થા કે વ્યક્તિના મૂળમાં સંસ્કાર અને નીતિનું સિંચન થયેલું હોય, તેના પર કુદરત પણ રીઝે છે અને ત્યાં અણધાર્યા આશીર્વાદોની હેલી સાથે લોકહૈયાનું હેત અવિરત વરસતું રહે છે.**



**શ્રી પૂંજાદાદા**
**ટ્રસ્ટી કમ મંત્રી શ્રી, મુનિ સેવા આશ્રમ**

વનકુવાની શાળા માટે જગ્યા મળી ગઈ હતી. પૂજ્ય બેને અન્ય વૃક્ષો સાથે ત્યાં આંબા પણ વાવશું તેમ નક્કી કર્યું અને એક દિવસ પૂંજાદાદા ને લઇ ને ઉદવાડા રોપા લેવા ગયા . સાથે કેટલાક મજૂરોને પણ લીધા. એ વખતે આશ્રમ પાસે પોતાનું કોઈ વાહન નહોતું એટલે પૂંજાદાદા એ બહારના વાહનની વ્યવસ્થા કરેલી. ઉદવાડાની જે તે નર્સરીમાંથી નિયત ભાવે જોઈતા રોપા ખરીદી અને બધા પાછા આવવા નીકળ્યા . પણ થયેલું એવું કે મજૂરો એ આંબા સાથે 4 સોપારીના રોપા પણ ચોરી લીધેલા અને બધા અંદર અંદર ગુસપુસ કરે. એ વખતે બેનને કે દાદા ને આ વાત ની ખબર નહોતી. ઉદવાડાથી લગભગ ચાલીસેક કિલોમીટર દૂર નીકળ્યા પછી મજૂરોને ચા નાસ્તો કરાવવા માટે વાહન ઉભું રાખ્યું અને વાતવાતમાં મજૂરોએ બણગો ફુંક્યોકે એમણે ચાર સોપારીના રોપા પણ લઇ લીધા છે.

બેન ચૂપ થઇ અને ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયા. કેટલીક મિનિટો પછી તેમણે પૂંજાદાદાને કહ્યું કે, **"પાયો જ જો અશુદ્ધિનો હોય, તો ઈમારત પવિત્ર ક્યાંથી બનશે? સેવાના કાર્યમાં મન જો મેલું હોય, તો એ ઈશ્વરને કેમ ગમશે? - મને ખુબ દુઃખ થઇ રહ્યું છે"**

તુરંત નિર્ણય લેવાઈ ગયો. ગાડી પાછી વળી. આવવા જવાના 80 કિલોમીટરનો થાક કે સમય અને પૈસાનો બગાડ એમને મન ગૌણ હતો, નીતિ સર્વોપરી હતી.

પહોંચી રોપાવાળાને આખી વાત કરી . મજૂરોની ભૂલ બદલ પોતે માફી માંગી, પૈસા મુક્યા અને તેમાંથી 4 રોપા ના પૈસા કાપી લેવા કહ્યું. રોપાવાળા વેપારી બેનની પ્રામાણિકતા અને પ્રયત્નો પર ગદગદ થઇ ગયા અને સોપારીના 25 રોપા મફતમાં આપ્યા. અને એ સંબંધ કાયમી થયો. મજૂરો, જેઓ અત્યાર સુધી ચોરીને ચાલાકી સમજતા હતા, તેઓ બેનનો આ પ્રાયશ્ચિત-યજ્ઞ જોઈને અંદરથી ઓગળી ગયા. એમણે નતમસ્તકે ભૂલ સ્વીકારી અને જીવનભર ક્યારેય અનીતિ ન કરવાનું વચન આપ્યું.

**મીઠી વાણી ,સ્નેહાળ સ્વાભાવ અને શુદ્ધતમ અંતરાત્માએ દરેક પર અમીટ છાપ છોડી. આજ તો કારણ હતું - બેન હંમેશા જેને મળે એને પોતાના બનાવી દેતા.**

## ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે વિવિધ તાલીમ સત્રો :

માસ દરમ્યાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે યોજાયેલા તાલીમ સત્રોમાં સોફ્ટ સ્કિલ્સ ટ્રેનિંગ માટે બહેન મહેક શાહનો તેમજ હોસ્પિટલના બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ અને ઇન્ફેક્શન કંટ્રોલ વિષયક નિષ્ણાત માર્ગદર્શન આપવા બદલ સિસ્ટર ભૂમિકા અને સિસ્ટર પાયલનો હાર્દિક આભાર.

સંસ્થાના વિદ્યાર્થીઓના સર્વાંગી અભ્યાસ અને વ્યવસાયિક વિકાસમાં પોતાના મૂલ્યવાન યોગદાન બદલ સર્વે માર્ગદર્શકોને ખુબ ખુબ ધન્યવાદ.






ડેલ્ટા હેલ્થ કેરના સહયોગથી પ્રથમ વર્ષના નર્સિંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક નર્સિંગ પ્રક્રિયાઓ વિષયક સિમ્યુલેશન ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

## આત્મહત્યા નિવારણ જાગૃતિ સત્ર :

આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ માટે "આત્મહત્યા નિવારણ અને આત્મહત્યાના વિચારોને કેવી રીતે ટાળવા" - અંગે જાગૃતિ સત્ર યોજાયું. આ સત્રમાં પ્રાયોગિક થેરાપ્યુટિક કસરતો અને માનસિક ક્ષમતા વિકસાવવા માટેની માર્ગદર્શિકા આપવામાં આવી.

વિદ્યાર્થીઓને તણાવ અને માનસિક સંકટના પ્રારંભિક લક્ષણોને ઓળખી સંવેદનશીલતા અને આત્મવિશ્વાસ સાથે સહાય કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.




આ સત્ર માટે શ્રી નિખિલ દાહિમા સાહેબનો હૃદયપૂર્વક આભાર.

## સફળતા : નર્સિંગ પરિણામો

તાજેતરમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી દ્વારા જાહેર થયેલા B.Sc. નર્સિંગ, સેકન્ડ સેમેસ્ટરના પરિણામો અંતર્ગત આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના કુલ ૨૨ વિદ્યાર્થીઓમાંથી ૨૧ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પાસ થયા છે. તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન.

**CONGRATULATIONS**



| Mahi Rana | Swara Bhatt | Reena Rathva | Trusha Rathva |
|---|---|---|---|
| 69.1% | 69.1% | 67.14% | 64% |

English Medium - Non Residential
Self Financed - Primary School

# ADMISSION OPEN

For 2026-27

Affiliated with Gujarat Education Board
Certified Teachers with CPD plan
Smart Classrooms with Interactive Flat Panels
Holistic Extracurricular Programs
Technology Integration for Enhanced Learning
Parental Involvement Programs
Environmental Consciousness & Activity Based Learning
Student Leadership Initiatives
Language and Cultural Diversity Embrace
Quality Infrastructure
Value-based education under the auspices of Muni Seva Ashram

Admission Form for
**Std. 1st, 2nd & 3rd**
are Available From
5th March, 2026

**Muni Seva Ashram Sanchalit - RAMKRUSHN VIDHYA MANDIR**
Maganpura, (Eklavya School Campus) Taluka - Waghodia Dist - Vadodara
**Call: +91 76004 54627 | Email: rvm@greenashram.org**

# બદલો લે તે સંસારી. બદલી કાઢે તે સંત.

અધોગતિમાં પડેલા માનવજીવનને સાચા સંતની સંગત મળતાજ એના જીવનનો અંધકાર ઉલેચાય છે અને ઉજાસ ફેલાય છે. એ પુનિત પ્રકાશ પછી આવનારી પેઢીઓનો ય પથ પ્રજાળે છે.

મુનિ સેવા આશ્રમ, ગોરજથી લગભગ દસેક કિલોમીટર દૂર આવેલું ડેસર ગામ ખુબ કુખ્યાત. મોટાભાગના લોકો દિવસે ખેત મજૂરી કરે અને સાંજ પડતા જ તિર કામઠા લઈને ચોરી લૂંટફાટ કરવા નીકળી જાય. ઉભો પાક વાઢીને ચોરી જાય, બાઈક જેવા વાહનો ચોરીને કુવામાં છુપાવે.ધાક એવી કે ધોળે દિવસે પણ પોલીસના મોટા અધિકારીઓ ચાર - ચાર વાન વગર ત્યાં જવાનું પસંદ ન કરે. બધાને ખબર હોય કે ધાડપાડુ અહીં જ છે પરંતુ પકડવાની હિમ્મત જવલ્લે જ જોવા મળે. માંસાહાર - દારૂ - શિક્ષણનો અભાવ - અંધશ્રદ્ધા - માંદગીનો ઉપાય દોરાધાગા - એકેય દુષણ બાકી નહિ. પૂજ્ય શ્રી અનુબેને સેવાયજ્ઞ માટે જે જગ્યા પસંદ કરી એ આ લોકો એ કરેલ લૂંટફાટના માલની વહેંચણી કરવાની જગ્યા હતી. પૂંજાદાદા અને અન્યોએ બહેનને ચેતવ્યા પણ ઈશ્વર અને ગુરુશ્રદ્ધાને બળે બેનનો નિર્ણય અફર રહ્યો.

આશ્રમના શિક્ષણકાર્યનો પ્રારંભ થઇ ચુક્યો હતો. દિવસો જતા બેન આ લોકો વિષે વધારે અને વધારે જાણતા ગયા. દેવોને દુર્લભ મનુષ્ય જન્મ મળ્યો હોય તેની આવી દુર્દશા ? પશુવત જીવન અને આવા કુકર્મો ? તેમના અંતરાત્માને ખુબ દુઃખ થતું અને તેમને માટે શું કરીએ તો તે સદ્ માર્ગે વળે અને કાળા કામ છોડે તે વિચાર સતત પૂજ્ય બેનના મગજમાં ચાલ્યા કરતો અને પૂંજાદાદા સાથે પણ તે વિષે ચર્ચા થતી.અધોગતી એ ગયેલા માનવજીવનને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવવું તેનું ચિંતન હંમેશા તેમના મનમાં રહેતું.

ધીરે ધીરે બેને તેમને દિવસે કામ આપવાની શરૂઆત કરી. જયારે કામ માટે બોલાવે ત્યારે તેમને પ્રેમથી જમાડે અને જરૂર હોય તેને દાનમાં મળેલ કપડામાંથી કપડું પણ આપે. બેનના હૃદયની નિર્મળતાનો પ્રભાવ એમના ઉપર પણ પડવા માંડ્યો. એ ગામની મહિલાઓ સાથે ઘરોબો વધ્યો. બેન એમના ગામ જવા લાગ્યા.જ્યાં જતા ભલભલા ચમરબંધીઓને પણ પરસેવો છૂટે ત્યાં તેઓ એકલા જ ચાલ્યા જાય. ભજન કરાવે અને પૂછે કે ચોરી કેમ કરો છો ? હું શું કરું કે તમે આ પાપ નો રસ્તો છોડો ?



એક દિવસ કોઈકે કહ્યું કે સામુદાયિક રસોઈ બનાવવા વાસણની જરૂર છે તો બેને હોંશે હોંશે તે લાવી આપ્યા. સત્તા અને શસ્ત્રો જે ન કરી શક્યા, તે શાસ્ત્રોના સંસ્કાર અને સંતની સંવેદનાએ કરી બતાવ્યું.

ધીરે ધીરે હૃદય પરિવર્તનની શરૂઆત થઇ. એ લોકો ચોરી કરવા આપણી અત્યારની બક્ષીપંચ શાળા છે ત્યાંથી જ જાય અને એ વખતે ત્યાં ખુલ્લામાં પડેલી વસ્તુને બેનનું ઘર માનીને સ્પર્શ પણ ન કરે. બેનના પ્રયત્નો ફળતા લાગ્યા. બેને એક એવા યજ્ઞનું આયોજન કરાવ્યું જેમાં એ ડફેરોને પણ સહભાગી બનાવ્યા અને એમના ધર્મગુરુ પાસેથી ચોરી ન કરવી તેવો આદેશ અપાવ્યો. અંતે બેનની કરુણા, સ્નેહ અને સંવેદના જીતી અને ચોરી લૂંટફાટ બંધ થઇ.

ગામના લોકો કહે છે કે બેન આવ્યાને સોનાનો સુરજ ઉગ્યો. શિક્ષણ આવ્યું, સ્વાસ્થ્ય આવ્યું, સંસ્કાર આવ્યા. સંતના પાવન પ્રકાશે આયખા અજવાળ્યા.

પાવરની જરૂર પ્રકૃતિ સાથે અસંગત હોય તેવા કર્મ સાટુ જ પડે, બાકી સઘળા માટે સત્ય , પ્રેમ અને કરુણા પૂરતા છે.

# ડ્રોન ટેકનોલોજી દ્વારા વિદ્યાર્થીઓને અપાઇ નવા કારકિર્દી અવસરોની ઓળખ



તાજેતરમાં ૧૦ અને ૧૧ માર્ચે, મુની સેવા આશ્રમના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના શ્રી હેમંતભાઇએ CVM યુનિવર્સિટીની ચાર કોલેજો—MBIT, ADIT, BVM અને GCET ખાતે "Launch Your Career into the Drone Revolution" વિષય પર માહિતીસભર વર્કશોપ્સ યોજ્યા જેમાં આશરે ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિદ્યાર્થીઓને કૃષિ, આપત્તિ વ્યવસ્થાપન, સર્વેલન્સ, મેપિંગ અને ડિલિવરી સેવાઓ જેવા ક્ષેત્રોમાં ડ્રોન ટેકનોલોજીની વધતી ભૂમિકા તથા આ ઝડપથી વિકસતા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે જરૂરી કુશળતાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

હેમંતભાઇએ ચરોતર વિદ્યામંડળ યુનિવર્સિટી (CVMU) સાથેની સહયોગ પહેલ વિશે પણ માહિતી આપી, જે અંતર્ગત વિદ્યાર્થીઓને ડ્રોન ટેકનોલોજીમાં તાલીમ કાર્યક્રમો, વર્કશોપ્સ અને પ્રાયોગિક શીખવાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. કાર્યક્રમના અંતે ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યૂનિકેશનના હેડ ડૉ. હિતેશ શાહે આભારવિધિ કરી અને ત્યારબાદ લાઇવ ડ્રોન ફ્લાઇંગ ડેમોન્સ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને આ નવી ટેકનોલોજીનો પ્રાયોગિક અનુભવ પણ આપવામાં આવ્યો.











# NABH - Quick Recall Sheet
## For Hospital Staff During Assessment & Daily Practice



### 1. Patient Identification

- ❖ Always use **at least 2 identifiers**
  - ✓ Patient Name
  - ✓ UHID / Date of Birth
- ❖ **Confirm before**:
  - ✓ Medication
  - ✓ Sample collection
  - ✓ Procedures
  - ✓ Blood transfusion
- ❖ Check **ID band**

### 2. Hand Hygiene (5 Moments)

❖ Perform hand hygiene:

1. Before touching patient
2. Before aseptic procedure
3. After body fluid exposure
4. After touching patient
5. After touching patient surroundings

❖ Use **alcohol rub or soap & water**

### 3. Medication Safety

- ✓ Follow **Right Patient, Right Drug, Right Dose, Right Route, Right Time**
- ✓ Double check **High Alert Medications**
- ✓ Look for **allergy status**
- ✓ Label all **prepared syringes/IV fluids**

### 4. Infection Prevention

- Follow **PPE protocols**
- Use **sterile techniques**
- Proper **biomedical waste segregation**
  **BMW Colour Coding**
- **Yellow** – Infectious waste
- **Red** – Contaminated plastics
- **White** – Sharps
- **Blue** – Glass/metal implants

### 5. Patient Rights

Patients have the right to: **IRSCR**

- **I** – Information
- **R** – Respect & dignity
- **S** – Safety
- **C** – Consent & confidentiality
- **R** – Right to complain / records

### 6. Consent

Take **informed consent before:**

- Surgery
- Anaesthesia
- Blood transfusion
- High-risk procedures

Ensure:

- Patient/relative understands
- Form is signed and documented

### 7. Fire Safety (RACE)

In case of fire:

**R** – **Rescue** patients
**A** – **Alarm** (inform control room)
**C** – **Contain** fire (close doors)
**E** – **Extinguish/Evacuate**

Know:

- Location of **fire extinguisher**
- **Emergency exit routes**

### 8. Incident Reporting

Report immediately:

- Patient fall
- Medication error
- Needle stick injury
- Equipment failure
- Near miss events

Purpose: **Improve safety, not blame**

### 9. Emergency Codes (if applicable)

Know hospital codes such as:

- **Code Blue** – Cardiac arrest
- **Code Red** – Fire
- **Code Pink** – Infant abduction
- **Code Yellow** – Disaster

Know **how to activate the code**

### 10. Documentation

- Write **clear, legible, timed, signed entries**
- No overwriting
- Use **approved abbreviations only**
- If error occurs → **single line strike, sign**

### 11. Communication with Assessors

If assessor asks:

- Be **calm and confident**
- **Answer honestly**
- If unsure say:
  *"I will check and confirm."*
- Demonstrate **actual practice**

### 12. Our Core Commitment

We provide care with:

- **Safety**
- **Compassion**
- **Quality**
- **Respect for every patient**

**NABH is not only for assessment - it is our daily practice.**

## અભિનંદન



તાજેતરમાં સરદાર ભવન ટ્રસ્ટ વડોદરા, દ્વારા "સરદાર પટેલ નું કોમળ હૃદય" વિષય પર નિબંધ સ્પર્ધા યોજાયેલ. જેમા આપણી શારદામંદિર બક્ષીપંચ શાળા ની વિદ્યાર્થીની કુ. વેદાંશી પરમારે પ્રથમ, કુ. જાનવી પરમારે દ્વિતીય, કુ. ખુશી બારિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું જયારે કુ. ઉર્વી રાઠવા એ આશ્વાસન ઇનામ મેળવેલ છે. દીકરીઓને અનુક્રમે 2000, 1250, 750 અને 500 રૂપિયા ના રોકડ ઇનામ તથા સરદાર ભવન ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી અનુજ પટેલ, ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ પટેલ, લેખક શ્રી દુર્ગેશ ઉપાધ્યાયના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા.

સુંદર વિષય પર અભિવ્યક્તિથી સુંદર સિદ્ધિ મેળવવા બદલ તમામ દીકરીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકને અભિનંદન.

## રક્તદાન શિબિર



તાજેતરમાં સંત માતા માયાદેવીની 101મી માસિક પુણ્યતિથિ નિમિત્તે આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ ની બ્લડબેંકના સહયોગથી સ્વૈચ્છીક રક્તદાન શિબિરનું આયોજન થયું. આયોજનમાં મદદ કરનાર સર્વે કાર્યકરો અને કર્મચારીઓ તથા નિસ્વાર્થ રક્તદાન કરનાર તમામ દાતાઓનો ખુબ ખુબ આભાર.

## હોળી - 2026



આસુરી શક્તિઓ પર સત્ય, પ્રેમ અને ઈશ્વરીય કરુણાના વિજયનો ઉદ્ઘોષ કરતો હુતાશણી નો તહેવાર પરંપરાગત હોળી પ્રગટાવીને અને ત્યારબાદ રંગોત્સવ દ્વારા ઉજવવામાં આવ્યો.

**આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.**